દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 13 ■ વિક્રમ સંવત ૨૦૮૨
પૌષ વદ - ૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 15 January 2026, Thursday ■ REGD.No. MCS/058/2024-26
ગુરુવાર, ૧૫ જાન્યુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

THIS IS A PUBLIC ANNOUNCEMENT FOR INFORMATION PURPOSES ONLY. THIS IS NOT A PROSPECTUS ANNOUNCEMENT AND DOES NOT CONSTITUTE AN INVITATION OR OFFER TO ACQUIRE, PURCHASE OR SUBSCRIBE TO SECURITIES. NOT FOR RELEASE, PUBLICATION OR DISTRIBUTION DIRECTLY OR INDIRECTLY OUTSIDE INDIA.

Initial Public Offer of equity shares on the main board of BSE Limited ("BSE") and National Stock Exchange of India Limited ("NSE", and together with BSE, the "Stock Exchanges") in compliance with Chapter II of the Securities and Exchange Board of India (Issue of Capital and Disclosure Requirements) Regulations, 2018, as amended ("SEBI ICDR Regulations").

amagi

# AMAGI MEDIA LABS LIMITED

## (TO BE LISTED ON THE MAIN BOARD OF BSE AND NSE)

(Please scan this QR code to view the Red Herring Prospectus)

Our Company was originally incorporated as "Amagi Technologies Private Limited" at Bengaluru, Karnataka as a private limited company under the Companies Act, 1956, pursuant to the certificate of incorporation dated February 1, 2008, issued by the Registrar of Companies, Karnataka at Bengaluru ("RoC"). Subsequently, the name of our Company was changed to "Amagi Media Labs Private Limited" pursuant to a fresh certificate of incorporation dated March 11, 2010, issued by the RoC. Thereafter, our Company was converted from a private limited company to a public limited company as approved by a resolution of our Board dated May 22, 2025 and a special resolution of our Shareholders dated May 23, 2025. A fresh certificate of incorporation consequent upon such conversion dated June 2, 2025 was issued by the RoC and the name of our Company was changed from "Amagi Media Labs Private Limited" to "Amagi Media Labs Limited". For details in relation to changes in the registered office of our Company, see *"History and Certain Corporate Matters"* on page 275 of the red herring prospectus dated January 7, 2026 ("**RHP**" or "**Red Herring Prospectus**") filed with the RoC.

**Registered and Corporate Office:** Raj Alkaa Park, Survey No. 29/3 and 32/2, 4th floor, Kalena Agrahara Village, Begur Hobli, Bengaluru - 560076, Karnataka, India

**Telephone:** 080-46634406; **Website:** www.amagi.com; **Contact person:** Sridhar Muthukrishnan, Company Secretary and Compliance Officer; **E-mail:** compliance@amagi.com, **Corporate Identity Number:** U73100KA2008PLC045144

## THE PROMOTERS OF OUR COMPANY: BASKAR SUBRAMANIAN, SRIVIDHYA SRINIVASAN AND ARUNACHALAM SRINIVASAN KARAPATTU

**INITIAL PUBLIC OFFER OF UP TO [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹5 EACH ("EQUITY SHARES") OF AMAGI MEDIA LABS LIMITED ("COMPANY" OR "ISSUER") FOR CASH AT A PRICE OF ₹[●] PER EQUITY SHARE (INCLUDING A SHARE PREMIUM OF ₹[●] PER EQUITY SHARE) ("OFFER PRICE") AGGREGATING UP TO ₹[●] MILLION COMPRISING A FRESH ISSUE OF UP TO [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹5 AGGREGATING UP TO ₹8,160.00 MILLION BY OUR COMPANY ("FRESH ISSUE") AND AN OFFER FOR SALE OF UP TO 26,942,343 EQUITY SHARES OF FACE VALUE OF ₹5 AGGREGATING UP TO ₹[●] MILLION ("OFFERED SHARES") BY THE SELLING SHAREHOLDERS, AND SUCH EQUITY SHARES OFFERED BY THE SELLING SHAREHOLDERS ("OFFER FOR SALE").**

**DETAILS OF THE SELLING SHAREHOLDERS**

| NAME | TYPE | MAXIMUM NUMBER OF OFFERED SHARES OF FACE VALUE OF ₹ 5 EACH / AMOUNT (₹ IN MILLION)^ | WEIGHTED AVERAGE COST OF ACQUISITION PER EQUITY SHARE (IN ₹)#* |
|---|---|---|---|
| PI Opportunities Fund-I | Investor Selling Shareholder | Up to 9,889,646 Equity Shares aggregating up to ₹ [●] million | 21.45 |
| Accel India VI (Mauritius) Ltd. | Investor Selling Shareholder | Up to 5,072,582 Equity Shares aggregating up to ₹ [●] million | 108.11 |
| Trudy Holdings | Investor Selling Shareholder | Up to 5,072,582 Equity Shares aggregating up to ₹ [●] million | 112.14 |
| PI Opportunities Fund-II | Investor Selling Shareholder | Up to 3,411,792 Equity Shares aggregating up to ₹ [●] million | 26.72 |
| Norwest Venture Partners X - Mauritius | Investor Selling Shareholder | Up to 3,381,721 Equity Shares aggregating up to ₹ [●] million | 172.16 |
| Rahul Garg | Individual Selling Shareholder | Up to 60,000 Equity Shares aggregating up to ₹ [●] million | 39.76 |
| Rajat Garg | Individual Selling Shareholder | Up to 22,725 Equity Shares aggregating up to ₹ [●] million | 21.45 |
| Kollengode Ramanathan Lakshminarayana | Individual Selling Shareholder | Up to 18,495 Equity Shares aggregating up to ₹ [●] million | 108.24 |
| Prem Gupta | Individual Selling Shareholder | Up to 10,000 Equity Shares aggregating up to ₹ [●] million | 38.13 |
| Rajesh Ramaiah | Individual Selling Shareholder | Up to 2,800 Equity Shares aggregating up to ₹ [●] million | 21.44 |

*^Consideration paid by the Shareholders for acquisition of CCPS has been considered as a consideration for Equity shares that have been allotted pursuant to conversion of CCPS. For details of the CCPS, see "Capital Structure" on page 109 of the RHP.*
**On a fully diluted basis*
*#As certified by Manian & Rao, Chartered Accountants, by way of their certificate dated January 7, 2026.*
*For details of all Selling Shareholders, see "Summary of the Offer Document" and "The Offer" on pages 19 and 94, of the RHP, respectively.*

**PRICE BAND: ₹343 TO ₹361 PER EQUITY SHARE OF FACE VALUE OF ₹ 5 EACH.**
**THE FLOOR PRICE AND THE CAP PRICE ARE 68.60 TIMES AND 72.20 TIMES THE FACE VALUE OF THE EQUITY SHARES, RESPECTIVELY.**
**BIDS CAN BE MADE FOR A MINIMUM OF 41 EQUITY SHARES OF FACE VALUE OF ₹ 5 EACH AND IN MULTIPLES OF 41 EQUITY SHARES OF FACE VALUE OF ₹5 EACH THEREAFTER.**
**SINCE COMPANY HAS INCURRED LOSS IN FINANCIAL YEAR 2025 BASED ON RESTATED CONSOLIDATED FINANCIAL INFORMATION, THE BASIC AND DILUTED EPS IS NEGATIVE, AND HENCE, THE PRICE TO EARNINGS RATIO IS NOT ASCERTAINABLE.**

**The details of the Fresh Issue, Offer for Sale, Total Offer Size and the post Offer market capitalization of the Company, each at the Floor Price and the Cap Price, are given below:**

| Particulars | At Floor Price of ₹343 | | At Cap Price of ₹361 | |
|---|---|---|---|---|
| | Up to No. of Equity Shares of face value of ₹ 5 each | Up to Amount (₹ in million) | Up to No. of Equity Shares of face value of ₹ 5 each | Up to Amount (₹ in million) |
| Fresh Issue | 23,790,087 | 8,160.00 | 22,603,878 | 8,160.00 |
| Offer for Sale | 26,942,343 | 9,241.22 | 26,942,343 | 9,726.19 |
| **Total Offer Size** | **50,732,430** | **17,401.22** | **49,546,221** | **17,886.19** |
| Post-Offer market capitalization of the Company | 217,525,153 | 74,611.13 | 216,338,944 | 78,098.36 |

| BID/ OFFER PROGRAMME | BID/OFFER OPEN |
|---|---|
| | BID/OFFER CLOSES ON : FRIDAY, JANUARY 16, 2026** |

***The UPI mandate end time and date shall be at 5:00 p.m. on Bid/Offer Closing Date.*

**We are a software-as-a-service company that connects media companies to their audiences through cloud-native technology. Our platform helps content providers and distributors upload and deliver video over the Internet through smart televisions, smartphones and applications, instead of traditional cable or set-top box services.**

**The Offer is being made through the book building process in accordance with Regulation 6(2) of the SEBI ICDR Regulations.**
**THE EQUITY SHARES OF OUR COMPANY WILL GET LISTED ON THE MAIN BOARD OF THE STOCK EXCHANGES. BSE LIMITED SHALL BE THE DESIGNATED STOCK EXCHANGE.**
**QIB PORTION: NOT LESS THAN 75% OF THE OFFER | NON-INSTITUTIONAL PORTION: NOT MORE THAN 15% OF THE OFFER | RETAIL PORTION: NOT MORE THAN 10% OF THE OFFER**

**IN MAKING AN INVESTMENT DECISION, POTENTIAL INVESTORS MUST ONLY RELY ON THE INFORMATION INCLUDED IN THE RED HERRING PROSPECTUS AND THE TERMS OF THE OFFER, INCLUDING THE RISKS INVOLVED AND NOT RELY ON ANY OTHER EXTERNAL SOURCES OF INFORMATION ABOUT THE OFFER AVAILABLE IN ANY MANNER. IN RELATION TO PRICE BAND, POTENTIAL INVESTORS SHOULD ONLY REFER TO THIS PRICE BAND ADVERTISEMENT FOR THE OFFER AND SHOULD NOT RELY ON ANY MEDIA ARTICLES / REPORTS IN RELATION TO THE VALUATION OF OUR COMPANY AS THESE ARE NOT ENDORSED, PUBLISHED OR CONFIRMED EITHER BY THE COMPANY OR THE BRLMS**

**In accordance with the recommendation of the Committee of Independent Directors of our Company, pursuant to their resolution dated January 7, 2026, the above provided price band is justified based on quantitative factors/ KPIs disclosed in the *'Basis for Offer Price'* section on page 164 of the RHP *vis-a-vis* the weighted average cost of acquisition ("WACA") of primary and secondary transaction(s), as applicable, disclosed in *'Basis for Offer Price'* section on page 164 of the RHP.**

## RISK TO INVESTORS

***For details refer to section titled "Risk Factors" on page 56 of the RHP***

1. **Risk relating to losses and negative cash flows:**
Our revenue growth did not outpace our expenses resulting in prior period losses for the six months ended September 30, 2024 and the Financial Years 2025, 2024 and 2023. Further we have reported negative cash flows in the past. We expect our expenses to increase over time as we continue to grow our operations and invest in expanding our technological capabilities and presence. Any inability to improve operating leverage could result in the recurrence of losses which may adversely affect our business.

| Particulars | For the six months ended September 30, | | Financial Year | | |
|---|---|---|---|---|---|
| | 2025 | 2024 | 2025 | 2024 | 2023 |
| | *(₹ in million)* | | | | |
| Restated profit/(loss) for the period/year | 64.70 | (660.08) | (687.14) | (2,450.01) | (3,212.68) |
| Net cash flows (used in)/generated from operating activities | (2,005.95) | (862.12) | 335.74 | (1,829.90) | (2,452.36) |
| Net cash flows generated from/ (used in) investing activities | 2,392.56 | 857.31 | (242.38) | (4,382.75) | (2,571.53) |
| Net cash flows (used in)/generated from financing activities | (382.54) | (45.04) | (86.97) | (78.85) | 5,378.98 |

2. **Risk Relating to Objects of the Offer and its utilization:**
Our utilization of the Net Proceeds for expenses towards technology and cloud infrastructure will not result in the creation of any tangible or intangible assets and will be recorded as expenses in our statement of profit and loss. Moreover, our funding requirements and proposed deployment of Net Proceeds of the Offer are based on management estimates and have not been independently appraised by a bank or a financial institution and if there are any delays or cost overruns, our results of operations may be adversely affected.
3. **The Offer also consists of an offer for sale of up to 26,942,343 Equity Shares of face value ₹5 each (approximately 54.38% of the Total Offer Size at upper end of the Price Band), the proceeds of which will not be available to the Company.**
4. **Geographical Concentration Risk:**
Our revenue from operations is concentrated in the America region and Europe (including the United Kingdom). The concentration of customers in the said regions exposes us to adverse economic or political circumstances including on account of any on-going economic slowdown and inflationary trends in such economies. We do not actively hedge our exposure to foreign currency, which exposes us to foreign currency risk. Any change in the regulatory framework, government policies and regulations, including employment laws, immigration laws, privacy and data protection laws, political unrest, disruption, disturbance, or sustained downturn in such economies could adversely affect our business.

| % of revenue from operations | For the six months ended September 30, 2025 | For the six months ended September 30, 2024 | FY25 | FY24 | FY23 |
|---|---|---|---|---|---|
| America Region | 73.23% | 71.81% | 72.86% | 72.64% | 77.65% |
| Europe (including UK) | 17.27% | 18.05% | 17.34% | 19.65% | 17.00% |
| Others* | 9.50% | 10.14% | 9.80% | 7.71% | 5.35% |
| **Revenue from operations** | **100.00%** | **100.00%** | **100.00%** | **100.00%** | **100.00%** |

**Others include Asia Pacific, Middle East and India*

5. **Acquisition of shares at a price that may be lower than the Offer Price.**
Vinculum Advisors LLP, a member of our Promoter Group, has acquired Equity Shares from certain Shareholders during the preceding year at a price of ₹25.00 per equity share pursuant to share purchase agreement dated July 21, 2025.
6. **Dependence on Third-Party Cloud infrastructure:**
For cloud infrastructure, we are dependent on two cloud service providers and if we are unable to renew our agreements with these cloud services providers on acceptable terms, we may be required to transfer our infrastructure to new cloud infrastructure providers, and may incur additional costs and possible service interruptions. Given the high level of industry concentration among hyperscale cloud providers and recent developments in pricing models and regional-resilience expectations, we may also face higher unit costs or the need to negotiate revised commercial terms which could increase our operating expenses. Our technology and cloud infrastructure costs are as follows:

| Particulars | For the six months ended September 30, 2025 | | For the six months ended September 30, 2024 | | FY25 | | FY24 | | FY23 | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | (₹ in million) | (% of total expenses) | (₹ in million) | (% of total expenses) | (₹ in million) | (% of total expenses) | (₹ in million) | (% of total expenses) | (₹ in million) | (% of total expenses) |
| Technology and cloud infrastructure costs* | 1,912.59 | 26.48% | 1,513.01 | 24.76% | 3,323.83 | 26.07% | 2,397.42 | 20.33% | 2,029.13 | 19.52% |

** Technology and cloud infrastructure costs form a portion of our communication costs.*

7. **Risk of Technology failures, interruptions and data breaches:**
Any data breaches, technology failures or interruptions in the availability or functionality of our solutions, whether due to technical or human errors, cyberattacks, natural disasters could result in loss of content, data or revenue for our customers which may result in loss of our market share, increased costs as well as harm our reputation, customer relationships and expose us to legal liability. In the event of significant physical damage to any of the data centers, it may take a significant period of time to achieve full resumption of our services. We also depend on the maintenance of reliable internet infrastructure with the necessary speed, data capacity and security, as well as timely development of complementary solutions, for providing reliable access.
8. **Research and Development Challenges:**
An inability to dedicate sufficient resources to our research and development operations could erode our competitive advantage. Our R&D efforts may not result in the timely launch, adoption, or profitability of new or improved solutions. We may face technical, regulatory, legal, or operational challenges in developing, testing, launching, or maintaining our technological solutions, which could adversely affect our reputation, user experience and revenue.

| Particulars | As of September 30, | | As of March 31, | | |
|---|---|---|---|---|---|
| | 2025 | 2024 | 2025 | 2024 | 2023 |
| Number of R&D personnel | 547 | 427 | 471 | 369 | 325 |
| Number of R&D personnel as a percentage of total workforce (%) | 55.48% | 50.47% | 53.28% | 44.95% | 42.10% |

9. **Markets for our solutions are new, unproven and evolving:**
The markets for our solutions are new, unproven and evolving, and our future success depends on the growth and expansion of these markets. Further, the media and entertainment industry is undergoing rapid changes due to technological innovations, changing consumer preferences, regulatory developments. We may face difficulties or delays in developing, launching our solutions to meet the changing needs and expectations of our customers and end-users.
10. **Industry related risks:**
The broadcasting and streaming industry is highly competitive, dynamic and subject to rapid changes in technology, consumer preferences, regulations and business models. Key challenges faced by this industry include rising content costs and financial pressure, piracy and illegal content distribution and subscription fatigue and consumer churn. Any of these factors, individually or in combination, could adversely affect our business, results of operations.
11. **Customer concentration risk:**
We depend on certain key customers for a significant portion of our revenue from operations. The loss of one or more of our key customers or an inability to replace such customers could adversely affect our business and results of operations.

| (% of revenue from operations) | For the six months ended September 30, 2025 | For the six months ended September 30, 2024 | FY25 | FY24 | FY23 |
|---|---|---|---|---|---|
| Largest customer | 14.06% | 7.65% | 11.41% | 6.93% | 6.88% |
| Five largest customers | 30.94% | 19.81% | 23.65% | 23.76% | 25.94% |
| Ten largest customers | 40.19% | 30.38% | 33.74% | 33.21% | 37.64% |

Further, we may be unable to attract new customers at rates or on terms that would be favorable or comparable to prior periods and our existing customers may decide to terminate their agreements upon conclusion of the contract period, or not renew at the same terms or level of functionality.

(in ₹ million)

| Particulars | For the six months ended September 30, | | Financial Year | | |
|---|---|---|---|---|---|
| | 2025 | 2024 | 2025 | 2024 | 2023 |
| Revenue from operations attributable to New Customers(1) | 125.02 | 131.25 | 655.87 | 533.28 | 418.17 |
| Revenue from operations attributable to Existing Customers(2) | 6,923.21 | 5,105.81 | 10,970.50 | 8,258.27 | 6,387.41 |
| **Total revenue from operations** | **7,048.23** | **5,237.06** | **11,626.37** | **8,791.55** | **6,805.58** |

*(1) New Customers are defined as the number of active customers at the end of the specified financial period who were not active at the end of the immediately preceding Financial Year or six month period (i.e., active customers from whom revenue was generated during the specified financial period and from whom no revenue was generated during the immediately preceding Financial Year or six month period). Revenue from operations attributable to such customers is measured in accordance with Ind AS 115.*
*(2) Existing Customers are all customers other than New Customers*

12. **Risk of Employee attrition:**
Our employee benefits expense constitutes the largest component of our total expenses, demonstrating how significantly we rely on our employees.

| Particulars | For the six months ended September 30, | | Financial Year | | |
|---|---|---|---|---|---|
| | 2025 | 2024 | 2025 | 2024 | 2023 |
| Employee benefits expense as a percentage of total expenses (%) | 53.40% | 56.14% | 54.50% | 56.26% | 57.59% |
| Employee benefits expense as a percentage of revenue from operations (%) | 54.72% | 65.50% | 59.76% | 75.46% | 87.97% |

*Continued on next page...*

# કલ્યાણમાં ઍર હોસ્ટેસની આત્મહત્યાઃ ભૂતપૂર્વ પાર્ટનર વિરુદ્ધ ગુનો દાખલ

થાણેઃ થાણે જિલ્લાના કલ્યાણમાં ૨૧ વર્ષની ઍર હોસ્ટેસે આત્મહત્યા કર્યા બાદ પોલીસે તેના ભૂતપૂર્વ પાર્ટનર વિરુદ્ધ આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવાનો ગુનો દાખલ કર્યો હતો.

કલ્યાણ પશ્ચિમમાં રહેતી એર હોસ્ટેસ ૨૮ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ તેના ઘરમાં ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવી હતી.

મૃતકના મોબાઇલ અને નાણાકીય રેકોર્ડની તપાસ કર્યા બાદ કોલસેવાડી પોલીસે ૧૦ જાન્યુઆરીએ મૃતકના ૨૩ વર્ષના ભૂતપૂર્વ પાર્ટનર વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. એર હોસ્ટેસની માતાએ નોંધાવેલી ફરિયાદ અનુસાર તેની પુત્રી ૨૮ ડિસેમ્બરે તેના કૉલ્સ રિસિવ કરી રહી નહોતી. આથી પડોશીએ કલ્યાણના અનુસૂયા નિવાસમાં જઇને તપાસ કરતાં ત છતના હુક સાથે ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવી હતી. તેને તાત્કાલિક રૂક્મિણીબાઇ હોસ્પિટલમાં લઇ જવાઇ હતી, જ્યાં ડોક્ટરોએ તપાસીને તેને મૃત જાહેર કરી હતી.

એર હોસ્ટેસના પરિવારે દાવો કર્યો હતો કે તેમની પુત્રી અને આરોપી ૨૦૨૦થી રિલેશનશિપમાં હતાં. એર હોસ્ટેસના કેટલાક ફોટા આરોપી જાહેર કરી દેવાની ધમકી આપી રહ્યો હતો. તેણે લગ્ન કરવાનો ઇનકાર કર્યો હતો અને તાજેતરમાં બીજી યુવતી સાથે સંબંધ બાંધ્યો હતો, જેને કારણે તે આત્મહત્યા કરવા મજબૂર થઇ હતી.

અંતિમસંસ્કાર બાદ પરિવારજનોએ તેના મોબાઇલ અને બૅંક સ્ટેટમેન્ટ તપાસ્યા હતા અને તેમને શંકા ગઇ હતી. ચેટ્સ રેકોર્ડ્સ અને તેના શરીર પરના નિશાન સૂચવે છે કે આરોપી વારંવાર તેની મારપીટ કરતો હતો.

તેના બૅંક અકાઉન્ટ રેકોર્ડ દર્શાવે છે કે આરોપીએ લગ્નને બહાને તેની પાસેથી લાખો રૂપિયા પડાવ્યા હતા, જેમાં તાજેતરનો વ્યવહાર ૧૬ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ થયો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■

# અંધેરીમાં પતંગના માંજાથી સ્કૂટરસવારનું ગળું ચીરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અંધેરી ફ્લાયઓવર પરથી પસાર થતી વખતે પતંગના માંજાને કારણે બોરીવલીના સ્કૂટરસવારનું ગળું ચીરાયું હોવાની ઘટના બની હતી. સદ્નસીબે સ્કૂટરસવારની શ્વાસનળી જરાક માટે બચી ગઈ હતી, પરંતુ માંજાએ ઊંડો ઘા કર્યો હોવાથી સારવાર માટે તેને હૉસ્પિટલમાં દાખલ કરવો પડ્યો હતો.

મકરસંક્રાંતિ નિમિત્તે બુધવારે ઠેર ઠેર પતંગ ચગાવવામાં આવી રહ્યા હતા. આ દરમિયાન પતંગના માંજાએ બોરીવલીમાં રહેતા ભરત કદમ (૪૫) માટે જીવનું જોખમ ઊભું કરી દીધું હતું. સાંતાક્રુઝની ખાનગી કંપનીમાં કામ કરતા કદમને સારવાર માટે વી. એન. દેસાઈ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. અંધેરી પોલીસે બ્રિજ પરના વીજળીનાં થાંભળા સાથે લપેટાયેલો માંજો જપ્ત કર્યો હતો.

મળતી માહિતી અનુસાર કદમ રોજ સ્કૂટર પર જ ઑફિસ જતો હતો. બુધવારે બપોરે બે વાગ્યાની આસપાસ કદમ અંધેરી ફ્લાયઓવર પરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે માંજો તેના ગળા ફરતે ભેરવાઈ ગયો હતો. લીલા કલરના ચાઈનીઝ માંજાને કારણે કદમના ગળા પર એટલો ઊંડો ઘા થયો હતો કે તેનું સ્કૂટર લોહીલુહાણ થઈ ગયું હતું. ગંભીર હાલતમાં જ તેણે પત્ની અને ભાઈને ફોન કરી તેની સાથે બનેલી ઘટનાની જાણ કરી હતી. ઘવાયેલા કદમને રિક્ષામાં વી. એન. દેસાઈ હૉસ્પિટલ લઈ જવાયો હતો. ગળું કપાવાને કારણે તેની સારવાર માટે પ્લાસ્ટિક સર્જનની પણ સલાહ લેવામાં આવી હતી. ગળામાં શ્વાસનળી સુધી કાપો પડ્યો હતો, પણ સદ્નસીબે શ્વાસનળીને નુકસાન થયું નહોતું. તેની ગરદન પર પણ ટાંકા લેવા પડ્યા હતા. ■

# નૌકાદળના નિવૃત્ત જવાન, પરિવાર સાથે ૧૭.૭૭ લાખની ઠગાઇ

થાણેઃ જાપાનની ટૂરનું આયોજન કરી આપવાને નામે નૌકાદળના નિવૃત્ત જવાન અને તેના પરિવાર સાથે ૧૭.૭૭ લાખ રૂપિયાની છેતરપિંડી આચરવા બદલ પોલીસે ટ્રાવેલ એજન્ટ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

ફરિયાદી અરૂણ રઘુનાથ ચિત્રેએ જણાવ્યું હતું કે તેનો જમાઇ જુલાઇ, ૨૦૨૪માં એક પારિવારિક કાર્યક્રમમાં આરોપીને મળ્યો હતો. ટ્રાવેલ એજન્સી ચલાવતા આરોપીએ એ સમયે ઇન્ટરનેશનલ અને ડોમેસ્ટિક ટૂરનું આયોજન કરતો હોવાનો દાવો કર્યો હતો.

અરૂણ ચિત્રે તેમ જ તેના પરિવારના અનેક સભ્યોએ ૨૦ ડિસેમ્બર, ૨૦૨૪થી ૧૦ જાન્યુઆરી, ૨૦૨૫ દરમિયાન આરોપીને ૧૭.૭૭ લાખ રૂપિયા આપ્યા હતા. જોકે તેણે ટૂરનું આયોજન કર્યું ન હતું અને પૈસા પણ પાછા આપ્યા નહોતા. (પીટીઆઇ)■

# એક રિપોર્ટના આધારે કોવિડ વળતર નકારી ન શકાયઃ હાઈ કોર્ટ

મુંબઈઃ અન્ય તમામ તબીબી અહેવાલ સ્પષ્ટપણે ઈન્ફેક્શન થયું હોવાનું દર્શાવતા હોય ત્યારે દર્શાવે છે ત્યારે ફક્ત કોવિડ - ૧૯ નેગેટિવ ઠેરવતા આરટીપીસીઆર રિપોર્ટના આધારે કોઈ વ્યક્તિને વળતર નકારી ન શકાય એમ બોમ્બે હાઈ કોર્ટે જણાવ્યું છે.

હાઈ કોર્ટની ઔરંગાબાદ ખંડપીઠે અહિલ્યાનગર જિલ્લા કલેક્ટરને મહામારી દરમિયાન આરોગ્ય કાર્યકર પત્ની ગુમાવનાર પતિને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ ૫૦ લાખ રૂપિયાની વીમા રકમ મેળવવા માટે કરેલા દાવાનો નિકાલ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

ન્યાયમૂર્તિ અરુણ પેડનેકર અને ન્યાયમૂર્તિ વૈશાલી જાધવની ખંડપીઠે નવમી જાન્યુઆરીએ આપેલા આદેશમાં જણાવ્યું હતું કે પીડિતાને કોવિડ-૧૯ પોઝિટિવ દર્શાવતો રિપોર્ટ રજૂ ન કર્યો હોવાના આધારે વળતર માટે વ્યક્તિના દાવાને નકારી કાઢવાનો કલેક્ટરનો અગાઉનો નિર્ણય સ્વીકારી શકાય નહીં.

અદાલતે અહિલ્યાનગર કલેક્ટરને પીએમ ગરીબ કલ્યાણ યોજના હેઠળ મચ્છિન્દ્ર ગાયકવાડ દ્વારા ઉઠાવવામાં આવેલા દાવાની પ્રક્રિયા કરવા નિર્દેશ આપ્યો હતો. રોગચાળા દરમિયાન મૃત્યુ પામેલા કોવિડ-૧૯ યોદ્ધાઓ, ડોકટરો અને આરોગ્ય કર્મચારીઓના પરિવારના સભ્યો માટે જાહેર કરવામાં આવી હતી.

અરજી અનુસાર અરજદારની પત્ની ૧૯૯૩થી અહિલ્યાનગર સિવિલ હોસ્પિટલમાં નર્સ તરીકે કાર્યરત હતી અને મે ૨૦૨૧માં રોગચાળા દરમિયાન ફરજ બજાવતી વખતે તેમનું અવસાન થયું હતું. (પીટીઆઈ)■

# મલાડના વોર્ડ નં. ૩૫માં યોગેશ વર્મા આજે ભરશે જીતનો હુંકાર

## ક્લિન ૩૫, ગ્રીન ૩૫ના સૂત્ર સાથે પાણીપુરવઠો, ડ્રેનેજ, રસ્તા, ફૂટપાથ, સ્વચ્છતા અને કચરાનું વ્યવસ્થાપન, મહિલા સુરક્ષા અને સશક્તિકરણ, આરોગ્ય, રમતગમત અને કૌશલ્ય વિકાસ પર ધ્યાન આપવાનું વચન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીનો રંગ બરાબર જામ્યો છે ત્યારે મુંબઈના મલાડ વિસ્તારના વોર્ડ નં. ૩૫માં પક્ષના નિષ્ઠાવંત કાર્યકર યોગેશ વર્માને ઉમેદવારી આપવામાં આવી હોવાથી આ વિસ્તારના ભાજપના કેડરમાં આનંદનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. સમાજના દરેક વર્ગ તરફથી તેમને મળી રહેલા સમર્થનને જોતાં આ બેઠક પરથી તેમનો વિજય થવાની શક્યતા જોવાઈ રહી છે.



અહીં ઉલ્લેખનીય છે કે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (એબીવીપી), યુવા મોરચામાં અનેક પદો શોભાવ્યા બાદ ભાજપમાં અત્યારે સચિવની ભૂમિકા ભજવી રહેલા યોગેશ વર્માની નિષ્ઠા અને સમર્પણને ધ્યાનમાં રાખીને પક્ષે તેમના કામના પુરસ્કાર રૂપે ઉમેદવારી આપી છે. યોગેશના પિતા રાજબહાદુર વર્મા વિશ્વ હિંદુ પરિષદના જાણીતા અગ્રણી હતા.

વોર્ડ નંબર ૩૫માં ઉમેદવારી અંગે બોલતાં યોગેશ વર્માએ કહ્યું હતું કે 'ક્લિન ૩૫, ગ્રીન ૩૫' મારું વિકાસનું સૂત્ર છે અને વોર્ડ નં. ૩૫માં નાગરિકોનું જીવનધોરણ સુધારવાનો મારો સંકલ્પ છે. મારી ફક્ત છ પ્રાથમિકતાઓ છે, પહેલું પાણીપુરવઠો અને ડ્રેનેજની સ્થિતિ સુધારીને દરેક ઘરમાં નિયમિત પાણીપુરવઠો થાય અને ચોમાસામાં પાણીના ભરાવાની સમસ્યા ઉકેલવા માટે ડ્રેનેજ સિસ્ટમને આધુનિક બનાવવામાં આવે.

વોર્ડ નં. ૩૫ને ખાડા વગરના મજબૂત અને ટકાઉ રસ્તા અને વરિષ્ઠ નાગરિકો અને અપંગોના લાભાર્થે ફેરિયામુક્ત ફૂટપાથ ઉપલબ્ધ કરાવવા માગું છું.

આરોગ્ય માટે સ્વચ્છતા આવશ્યક હોવાથી કચરામુક્ત વોર્ડ મારું લક્ષ્ય છે અને કચરાનું વર્ગીકરણ કરવા અને નિયમિત સફાઈ પર ખાસ ભાર મૂકવામાં આવશે.

મલાડના વોર્ડ નં. ૩૫ને મહિલાઓ માટે સુરક્ષિત બનાવવાના લક્ષ્ય સાથે મહિલાઓ માટે સુરક્ષિત જાહેર સ્થળો, લાઈટિંગ અને સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે, સ્વ-સહાય જૂથોના માધ્યમથી મહિલા સશક્તિકરણ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજના અમલમાં મુકાશે.

વોર્ડના નાગરિકોની આરોગ્ય સુખાકારી માટે બાળાસાહેબ ઠાકરે આપલા દવાખાના, આરોગ્ય શિબિરો અને યોગ-ફિટનેસની સુવિધાઓ પર ધ્યાન આપવામાં આવશે. યુવાનો માટે રમતના મેદાનો, જીમ અને તાલીમ કેન્દ્રો બનાવીને રમતવીરોને પ્રોત્સાહન અપાશે જ્યારે કૌશલ્ય વિકાસના માધ્યમથી રોજગારની નવી તકો નિર્માણ કરવામાં આવશે. જે રીતે યોગેશ વર્માનો પ્રચાર ચાલી રહ્યો છે અને દરેક વિસ્તારોમાં તેમનું સ્વાગત જોરશોરથી થઈ રહ્યું છે તેને જોતાં તેમનો ઘોડો વિનમાં જણાઈ રહ્યો છે. ■

## હાઈ કોર્ટની શાપુરજી પાલનજીને રાહત

# ઈડીને સશસ્ત્ર દળોના ભંડોળમાં જમા કરાવેલી રકમ પર વ્યાજ ચૂકવવા કહ્યું

મુંબઈઃ દેશ માટે જીવનનું બલિદાન આપનારા સૈનિકોના પરિવારોને મદદ કરવાની તાત્કાલિક જરૂરિયાત છે એમ બોમ્બે હાઈ કોર્ટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ને સશસ્ત્ર દળો કલ્યાણ ભંડોળમાં જમા કરાયેલા ૪૬ કરોડ રૂપિયા પર મળેલા વ્યાજનો અડધો ભાગ ચૂકવવાનો આદેશ આપતાં કહ્યું છે.

ન્યાયમૂર્તિ એએસ ગડકરી અને ન્યાયમૂર્તિ આરઆર ભોસલેની ખંડપીઠે શાપૂરજી પાલનજી એન્ડ કંપની લિમિટેડની ૧૪૧.૫૦ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરવાના આદેશને રદ કરતા એપેલેટ ટ્રિબ્યુનલના ૨૦૧૯ના આદેશ સામે ઈડી દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલને ફગાવી દેતી વખતે આ નિર્દેશ આપ્યો હતો.

૨૦૧૯ માંઈડી દ્વારા અપીલ દાખલ કરવામાં આવ્યા બાદ હાઇ કોર્ટે ટ્રિબ્યુનલના આદેશ પર સ્ટે આપ્યો હતો, પરંતુ કેન્દ્રીય એજન્સીને કોર્ટમાં ૪૬.૫ કરોડ રૂપિયા જમા કરાવવાનો નિર્દેશ આપ્યો હતો.

૨૩ ડિસેમ્બર, ૨૦૨૫ના દિવસે આપેલા અંતિમ આદેશમાં હાઇ કોર્ટે ટ્રિબ્યુનલના નિર્ણયને સમર્થન આપ્યું હતું, અને જમા કરવામાં આવેલી રકમ શાપુરજી પાલનજીને પરત કરવાનો આદેશ આપ્યો હતો. આદેશની એક નકલ આ અઠવાડિયે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

ખંડપીઠે એવો પણ નિર્દેશ આપ્યો હતો કે ૪૬.૫ કરોડ રૂપિયા પર મળેલા વ્યાજની ૫૦ ટકા રકમ આર્મ્ડ ફોર્સીસ બેટલ કેઝ્યુઅલ્ટીઝ કલ્યાણ ભંડોળમાં ચૂકવવામાં આવે.

અદાલતે જણાવ્યું હતું કે તે ભારતીય સૈનિકોના સમર્પણ અને દેશની સેવા કરતી વખતે તેમને થતી જાનહાનિને ધ્યાનમાં રાખીને આવો આદેશ આપી રહી છે. યુદ્ધભૂમિમાં અને રાષ્ટ્રની સરહદોનું રક્ષણ કરતી વખતે પોતાનો જીવ ગુમાવનારા સૈનિકોના પરિવારો અને શહીદ સૈનિકોની પતિઓને સહાય પૂરી પાડવાની તાતી અને તાત્કાલિક જરૂર છે. (પીટીઆઈ)■

આહીર મરણ



મૂળ રાજકોટ, હાલ મુંબઈ નિવાસી


**શ્રીમતી લક્ષ્મીબેન લાખાભાઈ માખેલા (ઉ.વર્ષ ૮૬)**

શ્રીજીચરણ: તા. ૧૨-૦૧-૨૦૨૬ ના સોમવાર

તેઓ હરીશ, યોગેશ, દિનેશ, સંગીતાના **માતૃશ્રી**,
મીના, શીતલ, હર્ષા તથા મહેન્દ્રભાઈ બલદાણિયાના **સાસુ**,
ક્રિષ્ના, સાગર, અંજલી, કાજલ, કોમલ, રાહુલ, મયુરી, રોહનના **દાદી**,
જાગૃતિ, મૈત્રી, આકાશ, રાજના **દાદીસાસુ**,
રાજ, પૃથ્વીના **નાની**,
તેઓ જીવાભાઈ, દેવાભાઈ, બબીબેન, જાનાબેન, મણીબેનના **ભાભી**.
પિયરપક્ષે સ્વ. જીવણભાઈ કાનાભાઈ આહીરના **પુત્રી**,
સ્વ. અમૃતબેન, સ્વ. બચુભાઈ, સ્વ. સવિતાબેન, હસમુખ, પ્રકાશના **બેન**

પ્રાર્થનાસભા તા: ૧૬-૦૧-૨૦૨૬ શુક્રવારના રોજ સાંજે ૪.૦૦ થી ૬.૦૦
સ્થળ : શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન હોલ,
એલ.ટી. રોડ, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી (વેસ્ટ) ખાતે રાખેલ છે.

શ્વે. વિશાશ્રીમાળી મૂ. પૂ. જૈન માટુંગા-વડાલા



**શરદભાઈ જે. શાહ** (ઉ.વ. ૮૦)
(સુરેન્દ્રનગર નિવાસી સ્વ. જયંતિલાલ લવજીભાઈ શાહના સુપુત્ર)

યાદ રહેશે તમારા હ્રદયની વિશાળતા,
તમારા અંતરનો સ્નેહ, તમારા કાર્યોની કુશળતા,
શૈક્ષણિક તેમજ ધાર્મિક ક્ષેત્રે આપેલું અમૂલ્ય યોગદાન.
*પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને*
*ચિરશાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના.*

પ્રેમાળ સ્મૃતિમાં
સ્વ. ચંપાબેન – સ્વ. જયંતિભાઈ (માતા-પિતા)
નીલાબેન શરદભાઈ શાહ (પત્ની)
વિશાલ – મોનીશા (પુત્ર-પુત્રવધુ)
સલોની – જીજ્ઞેશ અજમેરા (પુત્રી-જમાઈ)
ઝાઇ, માહીર (પૌત્રી-પૌત્ર)
સ્વ. મનહરભાઈ, સ્વ. અરવિંદભાઈ, સુશીલાબેન,
સ્વ. કુસુમબેન, ભારતીબેન, પ્રવિણભાઈ (ભાઈ-બ્હેન)
સ્વ. શાંતિલાલ રાયચંદ મહેતા (સ્વસુર પક્ષ)

પ્રાર્થના સભા તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી

# 'ખરાબ ટીવી માટે જવાબદારી ન ટાળી શકે'

## એમેઝોનને રિફંડ ચૂકવવા ગ્રાહક પંચનો આદેશ

મુંબઈઃ ગ્રાહક પંચ દ્વારા એમેઝોનને ટીવી ખરીદનારને વળતર સાથે રિફંડ ચૂકવવા જણાવવામાં આવ્યું છે. પોતે ટીવી નથી વેચ્યું, કેવળ મધ્યસ્થી તરીકે કામ કર્યું છે એ કારણસર ઈ-કોમર્સ પ્લેટફોર્મ ખામીયુક્ત ઉત્પાદન માટે જવાબદારી ટાળી શકે નહીં.

જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ પંચ (ઉપનગરીય મુંબઈ)એ ૬ જાન્યુઆરીએ એમેઝોન સેલર સર્વિસીસ પ્રાઇવેટ લિમિટેડને સમસ્યાના ઉકેલ લાવવામાં દરકાર ન રાખવા બદલ દોષિત ઠેરવી હતી. પ્રમુખ પ્રદીપ કડુ અને સભ્ય ગૌરી કાપસેના નેતૃત્વ હેઠળના કમિશને એમેઝોનને ગ્રાહકને પૈસા પાછા આપવાનો આદેશ આપી જણાવ્યું કે ઓનલાઈન માર્કેટપ્લેસ વેચાણમાં સહયોગી હોવા ઉપરાંત વેચાણની રકમમાં લાભ મેળવે છે તેમજ વેંચેહન બાદ સીધા ગ્રહોના સંપર્કમાં રહેતા હોવાથી ફક્ત મધ્યસ્થી તરીકે પોતાને ખપાવીને જવાબદારીથી મુક્ત ન થઈ શકે.

મુંબઈ સ્થિત વ્યક્તિની ફરિયાદ અનુસાર તેણે ૨૦૧૮માં એમેઝોન પરથી ૧૬ હજાર ૪૯૯ રૂપિયામાં ૪૦-ઇંચનું ફુલ એચડી એલઈડી ટીવી ખરીદ્યું હતું. જોકે ખરાબ અવાજ, હલકી ગુણવત્તા અને રિમોટ કંટ્રોલ કામ ન કરતો હોવાનું જાણવા મળ્યું હતું.

એમેઝોને રિફંડ આપવાનો ઇનકાર કરી ઉત્પાદકનો સંપર્ક કરવાની સલાહ આપતા ટીવી ખરીદદારે ગ્રાહક પંચનો સંપર્ક કરી માનસિક યાતના માટે રિફંડ અને વળતરની માગ કરી હતી. કમિશને ફેબ્રુઆરી ૨૦૧૮ થી ૬ ટકા વ્યાજ દર સાથે ૧૬ હજાર ૪૯૯ રૂપિયા પરત કરવાનો નિર્દેશ આપ્યો હતો. આ સિવાય એમેઝોનને માનસિક યાતના માટે ૧૦,૦૦૦ રૂપિયા અને કાનૂની ખર્ચ માટે ૫,૦૦૦ રૂપિયાનું વળતર ચૂકવવા પણ જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# એક્સપ્રેસ ટ્રેનમાં સિનિયર ટીટીઇ પર હુમલોઃ પાંચ સામે ગુનો

થાણેઃ કર્જત રેલવે સ્ટેશન નજીક થિરુવનંતપુરમ-સીએસએમટી એક્સપ્રેસમાં અનધિકૃત પ્રવાસ માટે દંડ ભરવાનું કહેનારા સિનિયર ટીટીઇ અને તેના સહકર્મી પર પાંચ જણે હુમલો કર્યો હતો, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

૧૧ જાન્યુઆરીએ આ ઘટના બની હતી, જ્યારે સિનિયર ટીટીઇ શામુ કાલુ રાઠોડ (૩૩) ટ્રેનના રિઝર્વ્ડ કોચમાં ટિકિટ ચેક કરી રહ્યો હતો. તેણે વોશરૂમ નજીક ૧૫-૨૦ સામાન્ય પ્રવાસીઓને જોયા હતા અને તેમની પાસે ટિકિટ તપાસવા માગી હતી તથા ટિકિટ ન હોય તેવા પ્રવાસીઓને દંડ ભરવાની સલાહ આપી હતી.

એફઆઇઆર અનુસાર ગ્રૂપના પાંચ સભ્યોએ ટીટીઇ રાઠોડ પર હુમલો કર્યો હતો અને તેને ચાલતી ટ્રેનમાંથી નીચે ફેંકી દેવાની કથિત ધમકી આપી હતી. રાઠોડના સહકર્મી અવનેશ કુમારે મધ્યસ્થી કરવાનો પ્રયાસ કર્યો ત્યારે તેને પણ લાફો મારવામાં આવ્યો હતો.

ટ્રેન કલ્યાણ સ્ટેશન પર પહોંચી ત્યારે ગવર્નમેન્ટ રેલવે પોલીસ (જીઆરપી) અને આરપીએફના જવાનોએ પાંચેય શકમંદને કસ્ટડીમાં લીધા હતા.

તમામ આરોપીઓ વરલી વિસ્તારના રહેવાસી છે. તેમની વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. (પીટીઆઇ)■



(ROC-5164)

# આઈ-પૅક દરોડા: હાઈ કૉર્ટે તૃણમૂલ કૉંગ્રેસની અરજી કાઢી નાખી

કોલકાતા : કલકત્તા હાઈ કોર્ટે બુધવારે પોતાના ડેટા બચાવવા માટેની તૃણમૂલ કૉંગ્રેસની અરજી કાઢી નાખતા કહ્યું હતું કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)એ માહિતી આપી છે કે એજન્સીએ ગયા અઠવાડિયે આઈ-પૅક ડાયરેક્ટર પ્રતીક જૈનની ઑફિસ અને ઘરમાં પાડેલા દરોડા દરમિયાન કશું જપ્ત કર્યું નથી. ટીએમસીએ અદાલતમાં અરજી કરીને ઈડીએ આઠ જાન્યુઆરીએ બે ઠેકાણાં પર પાડેલા દરોડા દરમિયાન તેના અંગત અને રાજકીય ડેટાને જાળવી રાખવાના હુકમની દાદ ચાહી હતી. ઈડી વતી રજૂઆત કરતા વધારાના સોલિસિટર જનરલ એસ. વી. રાજુએ અદાલતમાં કહ્યું હતું કે એજન્સીએ આ બે ઠેકાણામાંથી કશું જપ્ત કર્યું નથી. જસ્ટિસ શુભ્રા ઘોષે અરજી કાઢી નાખતાં નિરીક્ષણ કર્યું હતું કે ઈડી અને કેન્દ્ર સરકારની રજૂઆત બાદ પશ્ચિમ બંગાળના શાસક પક્ષની અરજીમાં કશું હાથ ધરવા જેવું રહ્યું નથી. ન્યાયમૂર્તિ ઘોષે આઠ જાન્યુઆરીના બનાવોની સીબીઆઈ તપાસ માગતી ઈડીની અરજી મોકૂફ રાખી હતી. આઠ જાન્યુઆરીએ પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ પોલિટિક કન્સ્લ્ટન્સી ફર્મની દક્ષિણ કોલકાતા ખાતેની સોલ્ટ લેકમાંની ઑફિસમાં અને લૌડન સ્ટ્રીટના ડિરેક્ટરના નિવાસસ્થાને દરોડા દરમિયાન ગયાં હતાં. વડી અદાલતે ઈડીની અરજી મોકૂફ રાખતાં કહ્યું હતું કે ઈડીએ આવી જ સ્પેશ્યલ લીવ પિટિશન સુપ્રીમ કોર્ટમાં કરી છે જે મારી સામેની અરજી જેવી છે. (એજન્સી)■

# ઉત્તર ભારતમાં મહિલાઓને ઘરે બેસાડી રાખવામાં આવે છે: ડીએમકેના દયાનિધિ મારને વિવાદ છેડ્યો

ચેન્નઈ : ડીએમકેના સંસદસભ્ય દયાનિધિ મારને ઉત્તર ભારતની મહિલાઓના દરજ્જાની તમિળનાડુની મહિલાઓની સાથે સરખામણી કરીને રાજકીય અને સામાજિક વિવાદ ઊભો કર્યો હતો.

ચેન્નઈમાં ક્વૈદ-એ-મિલ્લત કૉલેજ ઑફ વીમેનમાં વિદ્યાર્થીઓને સંબોધન કરતા મારને દાવો કર્યો હતો કે ઉત્તર ભારતના અનેક રાજ્યોમાં છોકરીઓને શિક્ષણ અને કારકિર્દી બનાવવામાં નિરુત્સાહી કરવામાં આવે છે અને તેઓ ઘરે રહીને ઘરેલુ કામ કરે એવી અપેક્ષા રાખવામાં આવે છે, જ્યારે તમિળનાડુ મહિલા શિક્ષણ અને તેમના સશક્તીકરણને પ્રોત્સાહિત કરે છે. આપણી વિદ્યાર્થીનીઓએ આનો ગર્વ લેવો જોઈએ. ઉત્તર ભારતના રાજ્યોમાં છોકરીઓને કામ પર ન જવાની અને ઘરે રહીન ઘરેલુ કામકાજ કરવાનું કહેવામાં આવે છે.

મારને આ પ્રસંગનો ઉપયોગ શાસક ડીએમકે સરકારની સરાહના કરવા માટે કર્યો હતો. મુખ્ય પ્રધાન એમ. કે. સ્ટાલિને તમિળનાડુંને ભારતનું ઉત્તમ રાજ્ય ગણાવ્યું હતું. સ્ટાલિને કહ્યું હતું કે હાલનું વહીવટીતંત્ર સામાજિક ન્યાય અને મહિલાના શિક્ષણને દ્રાવિડોની ચળવળ વખતે દેવામાં આવેલું મહત્ત્વ આપે છે. સમાજસુધારક પેરિયારનો ઉલ્લેખ કરીને સ્ટાલિને કહ્યું હતું કે દ્રાવિડ વિચારસરણીએ રાજ્યમાં છોકરીના શિક્ષણનો પાયો નાખ્યો છે અને હાલની સરકાર એ સિદ્ધાંતનું અનુસરણ કરી રહી છે.

જોકે મારનની ટિપ્પણી જે બધા ઉત્તર ભારતના રાજ્યો માટે સામાન્ય હતી એનાથી સોશ્યલ મીડિયા પર અને રાજકીય વર્તુળોમાં ચર્ચા ચાલુ થઈ ગઈ હતી. ચર્ચા પ્રદેશની લાક્ષણિકતા અને આખા ભારતમાં મહિલા શિક્ષણની વાસ્તવિકતા પર પહોંચી હતી. આ કાર્યક્રમ ઉલગમ કૈયિલ (વિશ્વ તમારા હાથોમાં) યોજનાનો ભાગ હતો અને આ હેઠળ અંતિમ વર્ગની ૯૦૦ વિદ્યાર્થીનીઓને લેપટોપ આપવામાં આવ્યું હતું. ■

# થાઈલેન્ડમાં ક્રેન પડી ટ્રેન પર: ૨૯ મોત




બેંગકોક: થાઈલેન્ડમાં બુધવારે એક કન્સ્ટ્રક્શન ક્રેન ચાલતી ગાડી પર પડતાં ઓછામાં ઓછા ૨૯ જણનાં મોત થયાં હોવાના અહેવાલ છે.

ચાલતી ગાડી પર ક્રેન પડતાં ટ્રેન પાટા પરથી ખડી પડી હતી. આ દુર્ઘટનામાં ૨૯ જણનાં મોત થયાં હોવા ઉપરાંત ૬૪ જણ ઘાયલ થયા હતાં.

ઘટનાની જાણ થતાં જ બચાવ અને રાહત ટુકડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને બચાવ તેમ જ રાહત કામગીરી હાથ ધરી હતી. બચાવકર્તાઓ કાટમાળ હેઠળથી શોધી કાઢી ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર આપી રહ્યા છે. ચીન અને ઈશાન એશિયાને જોડતા મહત્ત્વાકાંક્ષી હાઈસ્પિડ રેલ પ્રોજેક્ટના રૂટ પર આ ઘટના બની હતી.

રેલવેના એલિવેટેડ હિસ્સા પર કામ કરવા ગોઠવવામાં આવેલી ક્રેન બેંગકોકથી ઉબોન રાટચથાની પ્રોવિન્સ જઈ રહેલી પ્રવાસી ટ્રેન પર પડી હતી.

પરિવહન ખાતાના પ્રધાન પિફેટે કહ્યું હતું કે ઘટના બની તે સમયે ૧૯૫ લોકો ટ્રેનમાં પ્રવાસ કરી રહ્યા હતા. (એજન્સી) ■

# ઈસરોનું મિશન સંપૂર્ણ નિષ્ફળ નથી ગયું: 'કિડ' બચી ગયું

## સ્પેનના ઉપગ્રહે ડેટા મોકલવાનું શરૂ કર્યું

શ્રીહરિકોટા: આંધ્ર પ્રદેશના શ્રીહરિકોટા ખાતેથી સોમવારે ઇન્ડિયન રિસર્ચ સ્પેસ ઑર્ગેનાઇઝેશન (ઇસરો)એ 'પીએસએલવી સી૬૨'ની મદદથી ૧૬ ઉપગ્રહ ભ્રમણકક્ષામાં મૂકવા હાથ ધરેલું મિશન 'ઇઓએસ એન૧' સંપૂર્ણ નિષ્ફળ નથી ગયું અને તેમાં 'કિડ' (કેસ્ટ્રલ ઇનિશિયલ ટૅક્નોલૉજી ડેમોન્સ્ટ્રેટર) ઉગરી ગયું છે.

'કિડ' સ્પેનની સ્ટાર્ટઅપ ઓર્બિટલ પેરાડિગમનું પચીસ કિલોગ્રામ વજનનું ફૂટબૉલ આકારનું 'રી-એન્ટ્રી વેહિકલ' (પૃથ્વી પર પાછું લાવી શકાય એવું અંતરિક્ષનું વાહન) છે.

ઓર્બિટલ પેરાડિગમે 'એક્સ' પર લખ્યું હતું કે અમારી 'કિડ' કેપ્સ્યૂલ બધી વિપરીત પરિસ્થિતિનો સામનો કરીને 'પીએસએલવી સી૬૨'થી છૂટી પડી છે, કામ કરવાનું શરૂ કર્યું છે અને ડેટા (માહિતી) પણ મોકલી છે.

શ્રીહરિકોટાના સ્પેસપોર્ટ ખાતેથી સોમવારે સવારે ૧૦.૧૮ વાગ્યે ૪૪.૪ મીટર ઊંચું અને ચાર તબક્કાવાળું રોકેટ 'પીએસએલવી સી૬૨' ૧૬ ઉપગ્રહને અંદાજે ૧૭ મિનિટ પછી ૫૧૨ કિલોમીટરની સન-સિન્ક્રોનસ ઓર્બિટમાં મૂકવા ઊડ્યું હતું, પરંતુ ત્રીજા તબક્કામાં કોઇ ખામી ઊભી થતાં ૧૬માંના ૧૫ ઉપગ્રહને ભ્રમણકક્ષામાં મૂકવામાં નિષ્ફળતા મળી હતી.

જે ઉપગ્રહને આ મિશનમાં ભ્રમણકક્ષામાં મૂકવામાં નિષ્ફળતા મળી હતી, તેમાં ભારતીય લશ્કર માટેના ડીઆરડીઓના વ્યૂહાત્મક ઉપગ્રહ 'અન્વેષા', ભારતના પ્રથમ ઇન-ઓર્બિટ ફ્યુઅલિંગ સેટલાઇટ 'આયુલસેટ', વિદ્યાર્થીઓએ તૈયાર કરેલા નાના ઉપગ્રહ 'સીજીયુસેટ', થાઇલૅન્ડ અને યુકે દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરાયેલા અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઇટનો સમાવેશ થાય છે.

અગાઉ, ૨૦૨૫ના મેમાં 'પીએસએલવી-સી૬૧-ઇઓએસ-૦૯' દ્વારા ઉપગ્રહો ભ્રમણકક્ષામાં મૂકવામાં 'મોટર પ્રેશર'ને કારણે નિષ્ફળતા મળી હતી. (એજન્સી)■

# પનીર પાલકની સુગંધને મુદ્દે કેસ થયો અને મળ્યું ૧.૮૦ કરોડ રૂપિયાનું વળતર

## બે ભારતીય વિદ્યાર્થીને વળતર ઉપરાંત ડિગ્રી પણ આપવાનો અમેરિકાની યુનિવર્સિટીને આદેશ

કોલોરાડો (અમેરિકા): અમેરિકાની યુનિવર્સિટી ઑફ કોલોરાડો બોલ્ડરમાં થોડા વર્ષ પહેલાં 'પાલક પનીર'ની સુગંધને લઇને એક રસપ્રદ કિસ્સો થયો હતો અને આ પ્રકરણમાં કહેવાતા દ્વેષભાવ અને ભેદભાવનો સામનો કરનારા બે ભારતીય વિદ્યાર્થીને બે લાખ ડૉલર (અંદાજે ૧.૮૦ કરોડ રૂપિયા) ચૂકવવા અદાલતે યુનિવર્સિટીને આદેશ આપ્યો હતો.

કિસ્સો એવો હતો કે યુનિવર્સિટી ઑફ કોલોરાડો બોલ્ડરમાં એન્થ્રોપોલોજી (માનવશાસ્ત્ર)માં પીએચડી કરી રહેલા ભારતના બે વિદ્યાર્થી - આદિત્ય પ્રકાશ અને ઊર્મિ ભટ્ટાચાર્ય ૨૦૨૩ની પાંચ સપ્ટેમ્બરે કેન્ટીનના માઇક્રોવેવ ઓવનમાં 'પાલક પનીર' ગરમ કરતા હતા ત્યારે તેના સ્ટાફે ભોજનની દુર્ગંધ આવતી હોવાનું કહીને તેઓની સાથે મોટો ઝઘડો કર્યો હતો. યુનિવર્સિટીએ તેઓને (પ્રાધ્યાપક તરીકે) ભણાવવા આપેલા કામમાંથી આ ઝઘડા બાદ કાઢી મૂક્યા હતા અને તેઓની ડિગ્રીઓ અટકાવી દીધી હતી.

બાદમાં આ બે ભારતીય વિદ્યાર્થીએ યુનિવર્સિટીની સામે અમેરિકાની અદાલતમાં ૨૦૨૫ના મે મહિનામાં કેસ કર્યો હતો. યુનિવર્સિટીના ૨૯ વિદ્યાર્થીએ તેઓને ટેકો આપ્યો હતો. આખરે અદાલતે યુનિવર્સિટી ઑફ કોલોરાડો બોલ્ડરને આ કેસના સમાધાન (સેટલમેન્ટ) પેટે આ વિદ્યાર્થીઓને બે લાખ ડૉલર ચૂકવવા અને માસ્ટર ડિગ્રી એનાયત કરવા આદેશ આપ્યો હતો.

આમ છતાં, આ યુનિવર્સિટીએ આ બે વિદ્યાર્થીને ભવિષ્યમાં પાછા નહિ લેવાનું નક્કી કર્યું હતું.

અદાલતમાં થયેલા આ સમાધાનની વિગત તાજેતરમાં જાહેર થઇ હતી અને તે ઇન્ટરનેટ પર વાઇરલ થઇ હતી.

સોશ્યલ મીડિયા 'એક્સ' પર એક જણે લખ્યું હતું કે યુનિવર્સિટીની કેન્ટીનના માઇક્રોવેવમાં ભોજન ગરમ કરી રહેલા બે વિદેશી (ભારતીય) વિદ્યાર્થીની સાથેનો ઝઘડો યુનિવર્સિટીને બે લાખ ડૉલરમાં પડ્યો.

બીજા એક જણે લખ્યું હતું કે બે લાખ ડૉલર (અંદાજે ૧.૮૦ કરોડ રૂપિયા) મળ્યા પછી આ બે જણને કામ કરવાની જરૂર નહિ રહે. ■

# રાજકારણી નહીં હત્યારા: ચૂંટણી વચન પૂરું કરવા ૫૦૦ રખડતા શ્વાનને મારી નખાવ્યા

હૈદરાબાદ: તેલંગણામાં ચૂંટણીમાં આપેલું વચન પૂરું કરવા માટે સરપંચોએ ૫૦૦ શ્વાનોની હત્યા કરાવી દીધી છે.

સ્ટ્રે અનિમલ ફાઉન્ડેશન ઓફ ઇન્ડિયાના એનિમલ ક્રૂએલ્ટી પ્રિવેન્શનલ મેનેજર અદુલાપુરમ ગૌતમે માચારેડ્ડી પોલીસ સ્ટેશનમાં ૫૦૦ રખડતાં શ્વાનની હત્યાની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવાયું છે કે, છેલ્લા બે-ત્રણ દિવસથી ભાવનીપેટ, પલવાંચા, ફરીદપેટ, વાડી અને બંદરમેશ્વરાપલ્લી ગામમાંથી લગભગ ૫૦૦ રખડતાં શ્વાનોની કથિત રીતે હત્યા કરવામાં આવી છે. પાંચ ગામના સરપંચોના ઈશારે શ્વાનની હસ્તાઓ કરાવવામાં આવી છે, એવો પણ ફરિયાદમાં આરોપ લગાવવામાં આવ્યો છે. આરોપીઓમાં સરપંચો ઉપરાંત કિશોર પાંડે નામના વ્યક્તિનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ફરિયાદમાં જણાવાયું છે કે, હું જ્યારે સાંજે ૬ વાગ્યે મારા એક મિત્ર સાથે ભાવનીપેટ ગામે પહોંચ્યો હતો. જ્યાંના યેલ્લમ્મા મંદિરની પાછળના પેદ્દાચેરુવુ વિસ્તારમાં શ્વાનોના મૃતદેહો જોવા મળ્યા હતા. અન્ય ગામોમાંથી પણ આ પ્રકારની ક્રૂર ઘટનાઓ સામે આવી છે. ફરિયાદીએ આરોપ લગાવ્યો છે કે, સરપંચોના કહેવાથી કિશોર પાંડેએ રખડતાં શ્વાનોને ઝેરી ઇન્જેક્શન માર્યા હતા. જેથી શ્વાનોનું મોત નિપજ્યું હતું.

સ્થાનિક સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, તેલંગાણાના ભાવનીપેટ, પલવાંચા, ફરીદપેટ, વાડી અને બંદરમેશ્વરાપલ્લી ગામમાં થોડા સમય પહેલાં ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાઈ હતી. આ ચૂંટણી દરમિયાન ચૂંટણી લડનારા ઉમેદવારોએ ગામમાંથી રખડતાં શ્વાનોનો આતંક દૂર કરવાનું વચન આપ્યું હતું. પોતાનું ચૂંટણી દરમિયાન આપેલું વચન પૂરું કરવા માટે સરપંચોએ શ્વાનોની સામૂહિક હત્યા કરાવી હોવાનું સૂત્રો અનુમાન લગાવી રહ્યા છે. ■

# ઝૂબિન ગર્ગ નશામાં હતો, લાઈફ જૅકેટ તેને નહોતું અપાયું: સિંગાપોર પોલીસ

ગુવાહાટી: ગાયક ઝૂબિન ગર્ગ ખૂબ જ નશામાં હતો અને લાઈફ જૅકેટ પહેરવાનું નકાર્યા બાદ ગયા સપ્ટેમ્બરમાં તેનું ડૂબી જવાને કારણે મોત થયું હોવાનું સિંગાપોર કોર્ટને બુધવારે જણાવવામાં આવ્યું હતું.

સુનાવણી દરમિયાન મુખ્ય પોલીસ અધિકારીએ સિંગાપોર કોર્ટને જણાવ્યું હતું કે નોર્થ ઈસ્ટ ઈન્ડિયા ફેસ્ટિવલમાં પરફોર્મ કરવાના એક દિવસ અગાઉ બાવન વર્ષના ઝુબિન ગર્ગનું ગયા વર્ષના સપ્ટેમ્બરમાં મૃત્યુ થયું હતું.

આસામના આ ગાયકે પ્રારંભમાં લાઈફ જૅકેટ પહેર્યું હતું, પરંતુ બાદમાં તે કાઢી નાખ્યું હતું. તેને બીજું જેકેટ આપવામાં આવ્યું હતું, પરંતુ તેણે તે પહેરવાનું નકારી કાઢ્યું હતું.

સાક્ષીઓના જણાવ્યા અનુસાર ગર્ગ ખૂબ જ નશામાં હતો અને તે તરીને યૉટ (નાનાં વહાણ)માં પાછા આવવાનો પ્રયાસ કરી રહ્યો હતો. તેને તાત્કાલિક ઉગારી લઈ યૉટમાં પાછો લાવવામાં આવ્યો હતો અને તેની સીપીઆર આપવામાં આવ્યું હતું. જોકે બાદમાં તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. (એજન્સી) ■

# જથ્થાબંધ ફુગાવો આઠ મહિનાની ટોચે

નવી દિલ્હી : ડિસેમ્બર ૨૦૨૫માં જથ્થાબંધ ભાવ ફુગાવો સતત બીજા મહિને વધીને ૦.૮૩ ટકા થયો હતો. મહિનાવાર ખાદ્ય અને બિનખાદ્ય જણસો તથા ઉત્પાદિત વસ્તુઓના ભાવ વધતા ફુગાવો વધ્યો હતો, એવી માહિતી ડેટા પરથી મળી હતી. અગાઉના બે મહિનામાં ઘટવાના ટ્રેન્ડ બાદ હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સ (જથ્થાબંધ ભાવ ફુગાવો, ડબ્લ્યુપીઆઈ) ડિસેમ્બર મહિનામાં પૉઝિટિવ થયો હતો. નવેમ્બરમાં આ ફુગાવો માઈનસ ૦.૩૨ ટકા અને ઑક્ટોબરમાં માઈનસ ૧.૦૨ ટકા હતો. ઉદ્યોગ મંત્રાલયે અકે નિવેદનમાં કહ્યું હતું કે ડિસેમ્બર ૨૦૨૫માં ફુગાવાના પૉઝિટિવ રેટનું મુખ્ય કારણ બીજા ઉત્પાદનો, ખનીજો, મશીનરી અને ઉપકરણોના, ફૂડ પ્રોડક્ટના ઉત્પાદન અન ટેક્સસ્ટાઈલ વગેરેના ઉત્પાદનના વધેલા ભાવ છે.

જથ્થાબંધ ડેટાના જણાવ્યા પ્રમાણે ફૂડ આર્ટિકલમાં ૦.૪૩ ટકાનો ઘટાડો હતો, જ્યારે નવેમ્બરમાં આ ઘટાડો ૪.૧૬ ટકાનો હતો. શાકભાજીમાં ઘટાડો ડિસેમ્બરમાં ૩.૫૦ ટકા હતો. આની તુલનમાં નવેમ્બરમાં ઘટાડો ૨૦.૨૩ ટકા હતો. ફૂડ આર્ટિકલના ભાવમાં ઘટાડો ઓછો થતાં અને મેન્યુફેક્ચરિંગ પ્રોડક્ટસમાં ભાવ વધારાને લીધે ફુગાવો ડિસેમ્બરમાં વધ્યો હતો. ફુગાવામાં નજીવો વધારાનો ટ્રેન્ડ જળવાઈ રહેશે. ઉત્પાદિત પ્રોડક્ટમાં ફુગાવો નવેમ્બર ૨૦૨૫ના ૧.૩૩ ટકાની સરખામણીમાં ડિસેમ્બરમાં ૧.૮૨ ટકા થયો હતો. ■

# ટ્રમ્પ-ટૅરિફ: સુપ્રીમ કોર્ટનો ચુકાદો મોકૂફ

વૉશિંગ્ટન: અમેરિકાની પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે વિદેશો પર લાદેલી ટૅરિફ અંગેનો ચુકાદો સર્વોચ્ચ અદાલતે બુધવારે મુલતવી રાખ્યો હતો અને ચુકાદાની ભાવિ તારીખ અંગે પણ તાત્કાલિક કોઇ જાહેરાત નહોતી કરી.ટ્રમ્પના વહીવટીતંત્રે ભારત સહિતના વિદેશોથી આયાત કરાતા માલસામાન પર 'ઇન્ટરનેશનલ ઇમર્જન્સી ઇકોનોમિક પાવર્સ ઍક્ટ' હેઠળ લાદેલી ટૅરિફને લગતા કેસની સુનાવણી અમેરિકાની સર્વોચ્ચ અદાલતે હાથ ધરી હતી. તેના ચુકાદા પર દુનિયાભરના દેશો મીટ માંડીને બેઠા છે. અગાઉ, ભારત દ્વારા રશિયા પાસેથી ખનિજ તેલ ખરીદવાનું ચાલુ રાખવામાં આવ્યું હોવાનું કારણ આપીને ટ્રમ્પે નવી દિલ્હી પર પચાસ ટકા ટૅરિફ લાદી હતી અને તાજેતરમાં ઇરાન સાથે વેપાર કરતા ભારત સહિતના દેશો પર પચીસ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કરી હતી.

દરમિયાન, ટ્રમ્પે મંગળવારે ચેતવણી આપી હતી કે સર્વોચ્ચ અદાલત જો મેં લાદેલી ટૅરિફની વિરુદ્ધ ચુકાદો આપશે, તો આર્થિક સમસ્યા ઊભી થશે. અમેરિકા અત્યાર સુધી લીધેલા ટૅરિફનું રિફંડ આપવા અસમર્થ છે. (એજન્સી)

# છત્તીસગઢમાં ૨૯ નકસલવાદીનું આત્મસમર્પણ

સુકમા: દેશને નકસલવાદથી મુક્ત કરવા માટે કેન્દ્ર સરકાર અને સુરક્ષા એજન્સીઓ સતત કાર્યરત છે. જે અંતર્ગત સુરક્ષા દળોના સતત વધતા દબાણના લીધે નક્સલવાદીઓની કમર તૂટી રહી છે. તેમજ કેન્દ્ર સરકારની પુનર્વસન નીતિ પણ સફળ થઇ રહી છે. જે અંર્તગત આજે છત્તીસગઢના સુકમા જિલ્લામાં ૨૯ નકસલીઓએ આત્મસમર્પણ કર્યું છે. આ આત્મસમર્પણ કરનારા નક્સલીઓમાંથી એક નક્સલી પર રૂપિયા બે લાખનું ઇનામ જાહેર કરવામાં આવ્યું હતું.

આ અંગે પોલીસે જણાવ્યું હતું કે, સુકમા જિલ્લાના ગોગુંડા વિસ્તાર હેઠળના કેરળપાલ વિસ્તાર સમિતિમાં સક્રિય ૨૯ માઓવાદીઓએ સુરક્ષા દળો સમક્ષ આત્મસમર્પણ કર્યું છે. અહેવાલો અનુસાર આત્મસમર્પણ કરનારા નક્સલીઓમાં ગોગુંડા પંચાયતમાં દંડકારણ્ય આદિવાસી કિસાન મજદૂર સંગઠનના પ્રમુખ પોડિયમ બુધરાનો પણ સમાવેશ થાય છે, જેમની પર રૂપિયા બે લાખનું ઇનામ હતું. આ નકસલીઓ સુકમા જિલ્લામાં અનેક મોટી નક્સલી ઘટનાઓમાં સામેલ હતા.

આ અંગે અધિકારીઓએ અહેવાલ આપ્યો છે કે ગોગુંડા વિસ્તારમાં સુરક્ષા છાવણીની સ્થાપનાએ આત્મ સમર્પણમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. નક્સલ વિરોધી કામગીરી સતત દબાણ અને વિસ્તારમાં સર્ચ ઓપરેશનના લીધે નકસલી સંગઠનની પ્રવૃત્તિઓ મર્યાદિત થઈ ગઈ હતી. જેના લીધે તેમણે આત્મસમર્પણ કરવાનો નિર્ણય લીધો હતો. આ અંગે અધિકારીઓએ જણાવ્યું છે કે આ વિસ્તારની દુર્ગમ ભૌગોલિક પરિસ્થિતિઓને કારણે, ગોગુંડા વિસ્તાર નક્સલીઓ માટે સલામત અને અનુકૂળ સ્થાન માનવામાં આવતું હતું. જો કે, સુરક્ષા છાવણીની કાર્યરત થતા નક્સલી કેમ્પોની નાશ કરવામાં આવ્યો હતો. ■

# સીએમની ખુરશી: શિવકુમાર માટે દિલ્હી હજી ઘણું દૂર

બેંગલુરુ: કર્ણાટકના રાજકારણમાં છેલ્લા કેટલાક સમયથી ઊથલપાથલ થવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. કર્ણાટકમાં કોંગ્રેસની સરકારનો અડધો કાર્યકાળ પૂરો થતાં હવે ડી. કે. શિવકુમારને મુખ્ય પ્રધાન બનાવાય તેવી પાર્ટીના કેટલાક ધારાસભ્યો માગ કરી રહ્યા છે. આ અંગે ગત વર્ષે પણ પાર્ટી હાઈકમાન્ડ સાથે મુખ્ય પ્રધાન સિદ્ધરમૈયા અને નાયબ મુખ્ય પ્રધાન ડી.કે. શિવકુમાર બેઠકો કરી ચૂક્યા છે. જોકે, હજુ સુધી કોંગ્રેસ હાઈકમાન્ડે કોઈ નિર્ણય લીધો નથી. ત્યારે હવે તાજેતરમાં ડી.કે. શિવકુમારે રાહુલ ગાંધી સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત બાદ ડી.કે. શિવકુમારે સોશ્યલ મીડિયા પર એક પોસ્ટ કરી છે. આ પોસ્ટ કર્ણાટકના રાજકારણમાં ચર્ચાનું કેન્દ્ર બની છે.

૧૩ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ રાહુલ ગાંધી તમિળનાડુથી દિલ્હી જઈ રહ્યા હતા. એવા સમયે મૈસુર એરપોર્ટ ખાતે ટારમેક પર રાહુલ ગાંધીએ સિદ્ધરમૈયા અને ડી.કે. શિવકુમાર સાથે વારફરતી મુલાકાત કરી હતી. રાહુલ ગાંધી સાથેની આ મુલાકાત બાદ ડી.કે. શિવકુમારે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરી છે કે, 'પ્રયત્નો ભલે નિષ્ફળ જાય, પરંતુ પ્રાર્થના નિષ્ફળ જતી નથી.'

ડી.કે. શિવકુમારની આ પોસ્ટે સૌનું ધ્યાન ખેંચ્યું છે. રાજકીય વિશ્લેષકો આને એક પોલિટિકલ મેસેજ ગણી રહ્યા છે. રાહુલ ગાંધીએ હજુ પણ તેમને રાહ જોવાનું કહ્યું હોય એવું રાજકીય વિશ્લેષકો અનુમાન લગાવી રહ્યા છે. જોકે, સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, કર્ણાટકમાં મુખ્ય પ્રધાન બદલવા માટેની વિસ્તૃત ચર્ચા માટે બંને નેતાઓને જલદી દિલ્હી બોલાવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ ડી.કે. શિવકુમાર કહી ચૂક્યા છે કે, હું મુખ્ય પ્રધાન બનવા ઈચ્છું છું. સિદ્ધારમૈયાએ પણ એ સ્પષ્ટ પણે કહી દીધું છે કે, આ અંગે હાઈકમાન્ડ નિર્ણય કરશે. બંને નેતાઓ હાઈકમાન્ડના નિર્ણયને માન્ય રાખશે. ■

# ઈરાન પર ટૅરિફથી હવે પાકિસ્તાનને ચિંતા થવા માંડી છે

ઈસ્લામાબાદ: ઈરાન સાથે વ્યાપાર કરનારા કોઈ પણ દેશ પર પચીસ ટકા ટૅરિફ લગાવવાની અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની જાહેરાતથી પાકિસ્તાનની ચિંતામાં વધારો થયો છે. આ જાહેરાતથી પાકિસ્તાનની એનર્જી સપ્લાય પર અસર પડી શકે છે. એક ન્યૂઝપેપરમાં છપાયેલા લેખમાં કહેવામાં આવ્યું હતું કે ટ્રમ્પના ટૅરિફથી બચવા માટે પાકિસ્તાન પાસે ખૂબ જ ઓછા વિકલ્પો છે અને તેમાંથી કોઈ પણ પરિણામ વિનાના નથી.

આ જાહેરાત એવા સમયે કરવામાં આવી છે જ્યારે પાકિસ્તાન અને ઈરાન વચ્ચે દ્વિપક્ષીય વેપાર વધી રહ્યો છે અને હાલમાં તે વાર્ષિક ત્રણ અબજ ડોલરનો છે. દ્વિપક્ષી વેપાર ઈરાન દ્વારા પાકિસ્તાનમાં પેટ્રોલિયમ ઉત્પાદનો, રસાયણો અને મશીનરીની નિકાસ દ્વારા થાય છે. દરમિયાન, પાકિસ્તાન ચોખા, કાપડ અને ફળો ઈરાનમાં નિકાસ કરે છે. ૨૦૨૫માં બંને દેશોએ કૃષિ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ પર ધ્યાન કેન્દ્રિત કરીને ૨૦૨૮ સુધીમાં વેપાર ૧૦ અબજ ડોલર સુધી વધારવાનું લક્ષ્ય રાખ્યું હતું. આમ વર્તમાન અમેરિકન ડ્યુટી ઉપરાંત પચીસ ટકા ટૅરિફ લાદવાથી પાકિસ્તાનની મુખ્ય નિકાસ પર સીધી અસર પડી શકે છે. તેનાથી વિપરીત ઈરાન સાથે વેપાર ઘટાડાથી સ્થાનિક ખર્ચ વધશે જેમાં ઊર્જા પુરવઠો, સરહદી અર્થતંત્ર અને પ્રાદેશિક જોડાણ માટે જોખમોનો સમાવેશ થાય છે.

તેથી ઈરાન સાથેનો ન્યૂનતમ અથવા પ્રતિકાત્મક વેપાર પણ સૈદ્ધાંતિક રીતે નિકાસો પર અમેરિકા દંડ લાદી શકે છે પાકિસ્તાન અને અન્ય પ્રાદેશિક ભાગીદારો માટે પડકારો અમેરિકાના બજારના જોખમોને ક્ષેત્રીય, ઉર્જા અને રણનીતિક વિચારો સાથે સંતુલિત કરવામાં છે. તેમાં ઉમેર્યું હતું કે પાકિસ્તાન પરિસ્થિતિ પર કાળજીપૂર્વક નજર રાખી રહ્યું છે, કારણ કે શેહબાઝ શરીફ સરકાર આ મુદ્દા પર કોઈપણ સત્તાવાર નિવેદનો આપવાનું ટાળી રહી છે, જેના કારણે તેના સંભવિત અમલની સંવેદનશીલતા અને અનિશ્ચિતતા વધી ગઈ છે. ■

# મહાદેવ ઍપ કેસ: ૨૧ કરોડ રૂપિયાની મિલકતો પર ઈડીની ટાંચ

નવી દિલ્હી: મહાદેવ ઍપ કેસને મામલે 'ગેરકાયદે' મહાદેવ ઑનલાઈન બૅટિંગ ઍપના મુખ્ય ભાગેડુ પ્રમોટર રવી ઉપ્પલ સહિત અન્ય આરોપીઓની વધુ ૨૧ કરોડ રૂપિયાની મિલકતો ટાંચમાં લીધી હોવાનું ઍન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)એ કહ્યું હતું. 'ગેરકાયદે' મહાદેવ ઑનલાઈન બૅટિંગ ઍપ કૌભાંડ કેસમાં ટોચના રાજકારણીઓ અને છત્તીસગઢસ્થિત અમલદારો સંડોવાયેલા હોવાનું તેમણે કહ્યું હતું. પ્રિવેન્શન ઑફ મની લૉન્ડરિંગ ઍક્ટ (પીએમએલએ) અંતર્ગત ૧૦ જાન્યુઆરીએ પ્રોવિઝનલ ઑર્ડર બહાર પાડવામાં આવ્યો હોવાનું તેમણે કહ્યું હતું. ગયા અઠવાડિયે ઈડીએ મહાદેવ ઑનલાઈન બુક નામની ઍપના અન્ય મુખ્ય પ્રમોટર સૌરભ ચંદ્રાકરની મિલકતો ટાંચમાં લેવા એ જ પ્રકારનો આદેશ આપ્યો હતો. ઈડી દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદન મુજબ છેલ્લે બહાર પાડવામાં આવેલા આદેશ અંતર્ગત દુબઈના અટ્રિઆરાસ્થિત ઉપ્પલની ૬.૭૫ કરોડ રૂપિયાની મિલકત ટાંચમાં લેવામાં આવી હતી. ચંદ્રાકરનો નિકટનો સાથાદીર રજતકુમાર સિંહ પણ આ જ પ્રકારની કાર્યવાહીનો સામનો કરી રહ્યો છે. ઍપની વિવિધ પેનલ મારફતે તેણે એકઠી કરેલી અને છત્તીસગઢના ભિલાઈ અને દુબઈસ્થિત તેની ૧૫થી ૨૦ કરોડની મિલકતો ટાંચમાં લેવામાં આવી હોવાનું ઈડીએ કહ્યું હતું. સૌરભ આહુજા, વિશાલ રામાણી, વિનયકુમાર, હની સિંહ, લકી ગોયલ અને રાજા ગુપ્તાની ભારતસ્થિત મિલકતો પણ ટાંચમાં લેવામાં આવી હોવાનું ઈડીએ કહ્યું હતું. (એજન્સી)■

